

પ્રમાણજ્ઞાનને પ્રમાણપણું ત્યારે અને તો જ પ્રાપ્ત થાય છે કે જો અંદર દૃષ્ટિમાં વિભાવ તેમ જ પર્યાયના ભેદોથી રહિત શુદ્ધાત્મદ્રવ્યરૂપ ધ્રુવની શ્રદ્ધાનું—અવલંબનનું—જોર સતત વર્તતું હોય.

—અનંત-ઉપકારમૂર્તિ સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૮૪) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૨ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૮ જૂન, ૧૯૯૨

તા. ૫-૬-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* ધર્મરત્ન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દ્વિતીય સાંવત્સરિક સમાધિતિથિ, તા. ૧૫-૫-૯૨ થી તા. ૧૯-૫-૯૨ (વૈશાખ વદ-૩)—પાંચ દિવસ સુધી, સુવર્ણપુરીમાં તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-સ્વરૂપસાધના-પુરુષાર્થ-અસીમ ઉપકારી ગુરુ પ્રત્યેની ગુરુભક્તિ તેમ જ અપાર ઉપકારના સ્મરણપૂર્વક વિરહવિષાદવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી સમ્પન્ન થઈ. આ પ્રસંગે આયોજિત શ્રી પંચ-પરમેષ્ઠીમંડલવિધાનપૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી-જિનમંદિર મુમુક્ષુઓથી ભરાઈ જતું હતું. પ્રાસંગિક મંડલવિધાનપૂજા નાઈરોબીનિવાસી શ્રી શ્રેયસકુમાર પ્રફુલચંદ્ર શાહ તરફથી રાખવામાં આવી હતી. પાંચે દિવસ બપોરે થયેલાં 'બહેનશ્રીની સાધના અને વાણી' ઉપરના શાસ્ત્રપ્રવચનો સાંભળતાં, બહેનશ્રીની લઘુવયમાં કરવામાં આવેલી સાધના, પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી'ના શ્રવણથી તેમના વિરહથી શ્રોતાઓના હૃદય દ્રવી જતા હતા. વૈશાખ વદ-૩ના પંચપરમેષ્ઠીમંડલ-વિધાનપૂજાના સમાપના બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો; જ્યાં વિરહવેદનાથી ભક્તોના નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

* તા. ૩૦-૪-૯૨ થી તા. ૧૯-૫-૯૨ સુધી રાખવામાં આવેલ વીસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનો શિક્ષણાર્થીઓએ સારો લાભ લીધો હતો. બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયાએ અને બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે અનુક્રમે ઉત્તમવર્ગના ૪૦ વિદ્યાર્થીઓને અને મધ્યમવર્ગના ૩૫ શિક્ષાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપ્યું હતું. બાળવર્ગમાં ૬૧ વિદ્યાથીઓએ લાભ લીધો હતો.

* વૈશાખ વદ-૬ના રોજ શ્રી સમવસરણની ૪૧મી વાર્ષિકતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવાઈ હતી.

* વૈશાખ વદ-૮ના રોજ શ્રી સ્વાધ્યાયમંદિરની ૫૫મી વાર્ષિકતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવી હતી.

* શ્રુતપંચમી પર્વ :—જેઠ સુદ-૫, તા. ૫-૬-૯૨ના રોજ શ્રુતપંચમી શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવી હતી.

[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ-૩ ]

કહાન
સંવત-૧૨
વર્ષ-૪૮
અંક-૧૨
[ ૫૮૪ ]

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
JUNE
A.D. 1992




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા

## પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની

## દ્વિતીય સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે

## ૭૬ 卐 આત્માર્થ-પોષક આર્ષવાણી 卐 ૭૬

* મોહથી આ સંસારભ્રમણ છે. ત્યાંથી જરાક પણ તે સ્વરૂપમાં આવે તો ત્રૈલોક્યનું રાજ્ય પામે અને તે દુર્લભ પણ નથી. જેમ માણસ પશુનો સ્વાંગ ધારે તેથી કાંઈ તે પશુ થાય નહિ પણ માણસ જ છે. તેમ આત્મા ચોરાશીના સ્વાંગ કરે તોપણ તે ચિદાનંદ જ છે. ચિદાનંદપણું દુર્લભ નથી. ૧.

* જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? ૨.

* કોઈ અતિ નિદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદ્દગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે.

પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે, અને વળી આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. ૩.

* જુઓ! આ અનંતજ્ઞાનનો ધણી ભૂલી દુઃખી થાય છે. હાંસી થતાં માણસ શરમિંદો થાય છે, ફરીથી હાંસીનું કામ કરતો નથી. (પણ) આ જીવની અનાદિકાળથી જગતમાં હાંસી થઈ રહી છે. છતાં લાજ ધરતો નથી. ફરીફરી એની એ જ જૂઠી રીતને પકડે છે. જેની વાત કરતાં અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે તેને તો ગ્રહણ કરતો નથી અને પરવસ્તુની તરફ દેખતાં જ ચોરાશીનું બંદીખાનું છે તેને ઘણી રુચિપૂર્વક સેવે છે. ૪.

* દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણ કે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને હીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત-એવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સતપુરુષોંકો ઉચિત હૈ. ૫.

* હે ભોળા પ્રાણી! તેં આ પર્યાય પહેલાં સર્વ કાર્ય 'अजाकृपाणीयवत्' કર્યાં. કોઈ મનુષ્ય બકરીને મારવા માટે છરી ઇચ્છતો હતો અને બકરીએ જ પોતાની ખરીથી પોતાના નીચે દટાયેલી છરી કાઢી આપી. જેથી તે જ છરીથી તે મૂર્ખ બકરીનું મરણ થયું. તેમ જે કાર્યોથી તારો ઘાત થાય—બુરું થાય, તે જ કાર્ય તેં કર્યું— ખરેખર તું હેય-ઉપાદેયના વિવેકથી રહિત મૂર્ખ છે. ૬.

* એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે

બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી. ૭.

* રૂપમેં લીન હુએ પતંગ-જીવ દીપકમેં જલકર મર જાતે હૈં, શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાધકે બાણોંસે મારે જાતે હૈં, હાથી સ્પર્શ વિષયકે કારણ ગડ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં, સુગંધકી લોલુપતાસે ભૌંર કાંટોમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે હૈં ઔર રસકે લોભી મચ્છ ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈં. એક એક વિષય-કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં, તો પંચેન્દ્રિકા ( પંચ-ઇન્દ્રિય વિષયોંમેં આસક્ત જીવકા ) કહના હી કયા હૈ? ઐસા જાનકર વિવેકી જીવ વિષયોંમેં કયા પ્રીતિ કરતે હૈં? કભી નહીં કરતે. ૮.

* જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિ મૂલ્યવાન ચંદનને બાળી નાંખે તેમ અજ્ઞાની જીવ વિષયોના લોભથી મનુષ્યભવને નષ્ટ કરે છે.

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રત્નદ્વીપમાં જઈને પણ ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભાર લઈ આવે તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે.

જેમ નંદનવનમાં જઈને પણ કોઈ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીવે, તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મ-અમૃતને છોડીને ભોગની અભિલાષારૂપ ઝેર પીવે છે. ૯.

* આ ચિદાનંદ ચોરાશીલાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે તેને સુધારે, પછી વળી બીજી શરીર-ઝૂંપડીને સુધારે. વળી બીજી પામે તેને સુધારતો ફરે. બધાં દેહ જડ, એ જડોની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો, એ શરીર-સેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો આવ્યો છે. તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું તેથી મોટી વિપત્તિ—જન્માદિ ભોગવે છે. ૧૦.

* જિસ જીવને જિસ તરહસે જબ જહાં જો દુઃખ-સુખ પ્રાપ્ત કરના હોતા હૈ, ઉસ જીવકો ઉસ તરહસે, ઉસ સ્થાનમેં, ઉસ કાલમેં, વહ દુઃખ-સુખ દૈવકે નિયોગસે અવશ્ય પ્રાપ્ત હોતા હૈ. પૂર્વકાલમેં જીવને જો અચ્છા

યા બૂરા કર્મ કિયા ઔર ઇસ સમય વહ પક કર ફલ દેનેકે સન્મુખ હુઆ તો ઉસકો કિંચિત્ ભી અન્યથા કરનેમેં ઇન્દ્ર ભી કિસી તરહ સમર્થ નહીં હૈ અર્થાત્ કિયે હુએ કર્મકા ફલ જીવકો અવશ્ય ભોગના હોતા હૈ. કોઈ દૂસરા ઉસમેં કુછ ભી હેરફેર નહીં કર સકતા. ૧૧.

* યદિ સૂર્યકી કિરણસમૂહમેં કદાચિત્ ઠંડકપના હો જાવે તથા ચંદ્રમામેં ગર્મી હો જાવે વ કદાચિત્ સુમેરુપર્વતમેં જંગમપના યા હલનચલનપના પ્રાપ્ત હો જાવે તો હો જાવો, પરંતુ કભી ભી દુઃખો કી ખાન ઇસ ભયાનક સંસારકે ચક્રમેં ભ્રમણ કરતે હુએ પુરુષકો પ્રગટપને સુખ નહીં પ્રાપ્ત હો સકતા હૈ. ૧૨.

* આ વિષયસુખ તો બે દિવસ રહેનારા—ક્ષણિક છે. પછી તો દુઃખની જ પરિપાટી છે. માટે હે જીવ! તું તારા આત્માને ભૂલીને પોતાના જ ખભા ઉપર કૂહાડાનો પ્રહાર ન કર. ૧૩.

* અહો! જગતમાં મૂર્ખ જીવોને શું મુશ્કેલ છે? તેઓ જે અનર્થ કરે તેનું આશ્ચર્ય નથી પણ ન કરે તે જ ખરેખર આશ્ચર્ય છે. શરીરને પ્રતિદિન પોષે છે, સાથે સાથે વિષયોને પણ તેઓ સેવે છે. એ મૂર્ખ જીવોને કંઈ પણ વિવેક નથી કે વિષપાન કરી અમરત્વ ઇચ્છે છે?—સુખ વાંછે છે! ૧૪.

* દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે—એમ ઉત્તમ બુદ્ધિ દ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો. ૧૫.

* સુખ પાનેકે ભાવસે પ્રેરિત હોકર મૂર્ખ મનુષ્ય ક્યા ક્યા પાપ નહિ કર ડાલતે હૈં? જિસ પાપસે કરોડોં જન્મોંમેં ભી દુઃખોંકો પાતે હૈં. ૧૬.

* જીવોનો સાચો સ્વાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે, ક્ષણ-ભંગુર ભોગો ભોગવવામાં નથી. ભોગો ભોગવવાથી તો તૃષ્ણા વધી જાય છે, સંતાપની શાંતિ થતી નથી. હે સુપાર્શ્વનાથ! આપે આવો ઉપદેશ દીધો છે. ૧૭.

* મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે, પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેશમાત્ર (આંખના પલકારા બરાબર) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઇષ્ટ-જનનું મૃત્યુ થતાં કયો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી. ૧૮.

* જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધાનથી જન્મ–મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇંદ્ર કે જિનેન્દ્ર–તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી. ૧૯.

* મારી નિકટમાં પ્રાપ્ત થયેલ કોઈ પણ મિત્ર, અથવા અન્ય કોઈનું મારે પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસારપરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું, તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે. ૨૦.

* યહ શરીર કૈદખાના હૈ, પુત્ર તથા કુટુંબી ઉસકે પહરેદાર હૈ. જો યહ જાનતા હૈ વ દુઃખકા અનુભવ નહીં કરતા હૈ, વહ બુદ્ધિમાન હૈ. પરંતુ મૂર્ખજન હી ઇસે અપના હિતકારી માનતા હૈ. ૨૧.

* ન કોઈ દેવ હૈ, ન કોઈ દેવી હૈ, ન વૈદ્ય હૈ, ન કોઈ વિદ્યા હૈ, ન કોઈ મણિ હૈ. ન મંત્ર હૈ, ન કોઈ આશ્રય હૈ, ન કોઈ મિત્ર હૈ, ન કોઈ ઔર રાજા આદિ ઇસ તીન લોકમેં હૈ જો પ્રાણીયોંકે ઉદયમેં આયે હુએ કર્મકો રોક સકે. ૨૨.

* દૂસરોંકો ઠગ લૂંગા ઐસા વિચાર કર જો કોઈ માયાચારકા ઉપાય કરતે હૈં ઉન લોગોંને ઇસલોક તથા પરલોક દોનોંમેં સદા હી અપને આપકો ઠગા હૈ. ૨૩.

* જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઈ પણ, કોઈને

પણ કાંઈ પણ આપતું નથી એમ વિચારી અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું. ૨૪.

* જો કોઈ ભી મનુષ્ય વિદ્વાન હૈ વે ભી કામ વ ધનકે સ્નેહ મેં તત્પર રહતે હુએ ઇસ સંસારમેં મોહિત હો જાતે હૈં, યહ મિથ્યાભાવકી મહિમા હૈ. યહ બડે ખેદકી બાત હૈ. ૨૫.

* સાધુ પુરુષનું ચિત્ત એક પાકો (શ્વેત) વાળ દેખવાથી જ શીઘ્ર વૈરાગ્ય પામી જાય છે. પરંતુ એનાથી વિપરીત અવિવેકી મનુષ્યની તૃષ્ણા પ્રતિદિન વૃદ્ધત્વ સાથે વધતી જાય છે અર્થાત્ જેમ જેમ તેની વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ ઉત્તરોત્તર તેની તૃષ્ણા પણ વધતી જાય છે. ૨૬.

* દેવાલયના પાષાણ, તીર્થનું જળ કે પોથીનાં સર્વે કાવ્યો વગેરે જે વસ્તુઓ ખીલેલી દેખાય છે તે બધી કાળરૂપી અગ્નિનું ઇંધન થઈ જશે. ૨૭.

* જેટલો અનુરાગ વિષયોમાં કરે છે–મિત્ર, પુત્ર, ભાર્યા અને ધન-શરીરમાં કરે છે તેટલી રુચિ–શ્રદ્ધા–પ્રતીતિભાવ સ્વરૂપમાં તથા પંચપરમગુરુમાં કરે તો મોક્ષ અતિ સુગમ થાય. જેમ સંધ્યાનો લાલ સૂર્ય અસ્તતાનું કારણ છે તથા પ્રભાતની સંધ્યાની લાલાશ સૂર્યોદયને કરે છે, તેમ વિવિધ પરમગુરુ વિના શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે અને પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનનના ઉદયનું કારણ છે. એવો પંચપરમગુરુ–રાગ છે. ૨૮.

* મારા ચિત્તમાં કલ્પવાસી દેવોના ઇન્દ્રને, નાગેન્દ્રને તથા ચક્રવર્તીને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે. અલ્પ બુદ્ધિમાન હંમેશા ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, શરીર તથા પુત્રથી સુખ માને છે—એ આશ્ચર્યકારક છે. ૨૯.

* હે નાથ! દુઃખમાં કે સુખમાં, વેરી પ્રત્યે કે બંધુવર્ગ પ્રત્યે, સંયોગમાં કે વિયોગમાં, ઘરમાં કે જંગલમાં, સંપૂર્ણ મમત્વબુદ્ધિ દૂર થઈને મારું મન સદાય સમભાવી રહો. ૩૦.

* હે ભવ્ય! જો તને પોતાની ઉપર અપકાર કરવાવાળા પ્રત્યે ક્રોધ આવે છે તો તું એ ક્રોધ ઉપર જ ક્રોધ કેમ નથી કરતો? કારણ કે તે

ક્રોધ તો તારો સૌથી વધુ અપકાર કરવાવાળો છે. તે ક્રોધ તારા ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને તથા મોક્ષના પુરુષાર્થને તથા એટલે સુધી કે તારા જીવનને પણ નાશ કરવાવાળો છે. તો પછી આથી અધિક અપકારી બીજું કોણ હોઈ શકે છે? અર્થાત્ કોઈ નહિ. ૩૧.

* દેહ ગળવા ટાણે મતિ–શ્રુતની ધારણા–ધ્યેય વગેરે બધું ગળવા માંડે છે; હે વત્સ! ત્યારે એવા અવસરમાં અંતરના દેવને તો કોઇક વિરલા જ યાદ કરે છે. ૩૨.

* જો ક્રોધાગ્નિ વડે મન કલુષિત થઈ જાય તો, નિરંજનતત્ત્વની આવી ભાવનારૂપ નિર્મળ જળ વડે આત્માનો અભિષેક કરવો;–કે જ્યાં જ્યાં જોઉં ત્યાં કંઈ પણ મારું નથી; હું કોઈનો નથી ને કોઈ મારું નથી. (આવી તત્ત્વભાવના વડે ક્રોધ શાંત થઈ જાય છે.) ૩૩.

* ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનથી મુમુક્ષુજનોના રસ નીરસ થઈ જાય છે, ભેગા મળીને ચાલતી કથાઓનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, ઇન્દ્રિયવિષય વિલીન થઈ જાય છે, શરીરની બાબતમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે. ૩૪.

* સંસારરૂપી ઘટીયંત્રમાં એક પાટલી સમાન એક વિપત્તિ દૂર કરાય તે પહેલાં તો બીજી ઘણી વિપત્તિઓ સામે ઉપસ્થિત થાય છે. ૩૫.

* પ્રાણીઓનું જેટલું ઉગ્ર અહિત સંસારમાં ઇન્દ્રિયવિષયરૂપી શત્રુ કરે છે તેટલું અહિત મદોન્મત્ત હાથી, માંસ લોલુપી સિંહ, ભયંકર રાહુ, ક્રોધાયમાન રાજા, અતિ તીક્ષ્ણ વિષ, અતિક્રુદ્ધ યમરાજ, પ્રજ્વલિત અગ્નિ અને ભયંકર શેષનાગ આદિ પણ નથી કરતાં. અર્થાત્ હાથી આદિ એક જ ભવમાં દુઃખ આપે છે અથવા અનિષ્ટ કરે છે; પરંતુ ભોગવેલા ઇન્દ્રિયવિષય ભવભવમાં દુઃખ દેનારા છે. ૩૬.

* લોકોના સંસર્ગથી વચનની પ્રવૃત્તિ થાય છે; વચનપ્રવૃત્તિથી મનની વ્યગ્રતા થાય છે, તેનાથી ચિત્તમાં વિવિધ પ્રકારના વિકલ્પો ઊઠવા લાગે છે; તેથી યોગીએ લૌકિક જનોના સંસર્ગનો ત્યાગ કરવો. ૩૭.

* જૈસે રેશમકા કીડા અપને હી મુખસે તારોંકો નિકાલકર અપનેકો હી ઉસમેં આચ્છાદિત કર લેતા હૈ, ઉસી પ્રકાર હિતાહિતમેં વિચારશૂન્ય હોકર યહ ગૃહસ્થજન ભી અનેક પ્રકારકે આરંભોસે પાપ-ઉપાર્જન કરકે અપનેકો શીઘ્ર હી પાપજાલમેં ફસા લેતે હૈં. ૩૮.

* હે જીવ! તૂ સબ પ્રાણિયોંમેં મિત્રતાકા ભાવ રખ. કિસીકો શત્રુ ન સમજ, ઉક્ત સબ પ્રાણિયોંમેં ભી જો વિશેષ ગુણવાન હૈં ઉનકો દેખકર હર્ષકો ધારણ કર, દુઃખીજનકે પ્રતિ દયાકા વ્યવહાર કર, જિનકા સ્વભાવ વિપરીત હૈ ઉનકે વિષયમેં મધ્યસ્થતાકા ભાવ ધારણ કર, જિનવાણીકે સુનને ઔર તદનુસાર પ્રવૃત્તિ કરનેમેં અનુરાગ કર, ક્રોધરૂપ સુભટકો પરાજિત કર, ઇન્દ્રિય વિષયોંસે વિરક્ત હો, મૃત્યુ એવમ્ જન્મસે ઉત્પન્ન હોનેવાલે અતિશય દુઃખસે ભયભીત હો ઔર સમસ્ત કર્મમલસે રહિત મોક્ષસુખકી અભિલાષા કર. ૩૯.

* પ્રશ્નઃ—આ સંસારમાં સારભૂત વસ્તુ કઈ છે? (આ સંસારમાં સારભૂત તત્ત્વ શું છે?)

ઉત્તરઃ—બહુ બહુ વિચાર કરી આ નિશ્ચય કર્યો છે કે જ્યાં સંપૂર્ણ તત્ત્વ દેખાયું હોય તેમ જ જ્યાં સ્વ-પરના હિતને માટે સદા તત્પર રહેવાનું હોય એવો મનુષ્યનો જન્મ સારભૂત તત્ત્વ છે. ૪૦.

* ભો આત્મન્! કૃમિનિકે સૈકડાં જાલનિકરિ ભર્યા અર નિત્ય જર્જરિત હોતા યોં દેહરૂપી પીંજરા ઇસકૂં નષ્ટ હોતૈ તુમ ભય મત કરો. જાતૈ તુમ તો જ્ઞાનશરીર હો. ૪૧.

* મારું સ્વશરીર પણ જેના (મારા આત્માના) અપકાર-ઉપકારમાં સમર્થ નથી તેના અપકાર-ઉપકાર બીજાઓ કરે છે એમ માનવું મારા માટે વ્યર્થ છે. ૪૨.

* જેમ કોઈ પુરુષ રત્નદ્વીપને પામવા છતાં રત્નદ્વીપમાંથી રત્નને છોડી કાષ્ટ ગ્રહણ કરે છે, તેમ મનુષ્યભવ વિષે ધર્મભાવનાનો ત્યાગ કરીને અજ્ઞાની ભોગની અભિલાષા કરે છે. ૪૩.

* જેમ ચિન્તામણિરત્ન મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેમ જ ત્રસનો

પર્યાય મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. ( ત્યાં પણ ) ઇયળ, કીડી, ભમરો વગેરેના શરીરો વારંવાર ધારણ કરીને મરણ પામ્યો અને ઘણી પીડા સહન કરી. ૪૪.

* આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! હું તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર, અર્થાત્ મર્યાદામાં રાખ, ને સાચા માર્ગમાં જોડ. ૪૫.

* જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતેં હૂં અપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમેં ડૂબા હુઆ પીછેં કહા કરસી? ૪૬.

* સંસારમાં ઇન્દ્રિય-જન્ય જેટલા સુખ છે તે બધા આ આત્માને તીવ્ર દુઃખ આપનારા છે. આ રીતે જે જીવ ઇન્દ્રિય-જન્ય વિષય-સુખોના સ્વરૂપનું ચિંતવન કરતો નથી તે બહિરાત્મા છે. ૪૭.

* પોતાની ઉપર કોઈ આપત્તિ આવી પડતાં મનુષ્ય જેવી રીતે દુઃખી થાય છે તેવી જ રીતે બીજાની ઉપર આવી પડેલી આપત્તિને પોતાની આપત્તિ સમજીને દુઃખનો અનુભવ કરવો તે દયાળુતા છે. ૪૮.

* મને ઇષ્ટ પદાર્થોનો વિયોગ ન થઈ જાય તથા અનિષ્ટ પદાર્થનો સંયોગ ન થઈ જાય એવા પ્રકારથી આ જન્મમાં આક્રંદ કરવાને આલોક-ભય કહે છે. તથા ન જાણે આ ધન સ્થિર રહેશે કે નહિ, દૈવયોગથી કદાચિત્ દારિદ્રતા પ્રાપ્ત ન થઈ જાય ઇત્યાદિક માનસિકવ્યથારૂપ ચિંતા મિથ્યાદષ્ટિઓને બાળવા માટે સદાય સળગતી જ રહે છે. ૪૯.

* જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે—રાગદ્વેષ રહિત છે—તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ૫૦

* આત્માકો આત્માહીકે દ્વારા આત્મામેં હી શરીરસે ભિન્ન ઐસા વિચારના કિ જિસસે ફિર યહ આત્મા સ્વપ્નમેં ભી શરીરકી સંગતિકો પ્રાપ્ત ન હો અર્થાત્ મૈં શરીર હૂં ઐસી બુદ્ધિ સ્વપ્નમેં ભી ન હો ઐસા નિશ્ચય કરના ચાહિયે. ૫૧.

* અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચુકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા? ૫૨.

* હે અસંતોષી આત્મા! સર્વ જગતની માયાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તેં આ જગતમાં કંઈ પણ છોડયું નથી. તારાથી જે કંઈ બચવા પામ્યું હોય તે તો તારી ભોગ કરવાની અશક્તિથી જ. જેમ રાહુથી ગળાતાં ચંદ્ર સૂર્ય જો બચવા પામ્યા હોય તો તે માત્ર રાહુની અશક્તિથી જ. ૫૩.

* અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈ; મેરે દોષ ગ્રહણ કરકે જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુઝે યહી લાભ હૈ કિ મૈં ઉનકો સુખકા કારણ હુઆ. ઐસા મનમેં વિચારકર ગુસ્સા છોડો. ૫૪.

* તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વ-જ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી. ૫૫.

* હે આત્મન્! તૂ નિગોદકે વાસમેં એક અંતર્મુહૂર્તમેં છાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર મરણકો પ્રાપ્ત હુઆ. ૫૬.

* "આ દેહ મારો છે અને હું આ દેહનો છું" આવી દ્રઢ શ્રદ્ધા પૂર્વક દેહની સાથે જીવને પ્રીતિ છે અર્થાત્ દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂપે એટલે સ્વામીપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધી તપના પરમ ફળરૂપ મોક્ષની આશા રાખવી વ્યર્થ છે. દેહ પ્રત્યેની એકત્વ-ભાવના મોક્ષમાર્ગના પ્રવાસીને એક મહાન ઇતિ (-ઉપદ્રવ) સમાન વિઘ્નરૂપ છે. ૫૭

* જેમ અગ્નિ ઇંધન વડે તૃપ્ત થતી નથી, સમુદ્ર હજારો નદી વડે તૃપ્ત થતો નથી તેમ સંસારી જીવ ત્રણલોકનો લાભ પ્રાપ્ત થાય તોપણ તૃપ્તિ પામતો નથી. ૫૮.

* જે મોહી જીવ છે તે આ સંસારને આધિ–માનસિક પીડાઓ, વ્યાધિ—શારીરિક કષ્ટપ્રદ રોગો, જન્મ, જરા, મરણ અને શોકાદિ ઉપદ્રવોથી યુક્ત ભયંકરરૂપે દેખતો હોવા છતાં પણ તેનાથી વિરક્ત થતો નથી! એ મોહનું કેવું માહાત્મ્ય છે? ૫૯.

* અનંત સંસાર પરિપાટીના કારણરૂપ એ વિવાહ આદિ કાર્યો કરવા-કરાવવાવાળા જે પોતાના કુટુંબીજનો તે જ ખરેખર આ જીવના એક પ્રકારે વેરી છે. જે એક જ વાર પ્રાણ હરણ કરે તે વેરી નથી પરંતુ આ તો અનંતવાર મરણ કરાવે છે તેથી તે વેરી છે, માટે તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું એ તને ઉચિત નથી. ૬૦.

* અહીં સંસારમાં રાજા પણ દૈવવશ થઈને રંક જેવો બની જાય છે તથા પુષ્ટ શરીરવાળો મનુષ્ય પણ કર્મોદયથી ક્ષણવારમાં જ મૃત્યુ પામી જાય છે. એવી અવસ્થામાં કયો બુદ્ધિમાન પુરુષ કમળપત્ર ઉપર રહેલાં જળબિંદુ સમાન વિનાશ પામનાર ધન, શરીર અને જીવન આદિ વિષયમાં અભિમાન કરે? અર્થાત્ ક્ષણમાં ક્ષીણ થનાર આ પદાર્થોના વિષયમાં વિવેકીજન કદી પણ અભિમાન કરતાં નથી. ૬૧.

* ઇસ સંસારમેં દેહાદિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈં, જૈસા શુદ્ધ બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ. વૈસા દેહાદિમેંસે કોઈ ભી નહીં હૈ. સબ ક્ષણભંગુર હૈં. શુદ્ધાત્મ તત્ત્વકી ભાવનાસે રહિત જો મિથ્યાત્વ વિષય-કષાય હૈ ઉનસે આસક્ત હોકે જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં, ઉન કર્મોસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ, તબ શરીર ભી સાથ નહીં જાતા. ઇસલિયે ઇસ લોકમેં ઇન દેહાદિક સબકો વિનશ્વર જાનકર દેહાદિકી મમતા છોડના ચાહિયે, ઔર સકલ વિભાવ રહિત નિજ શુદ્ધાત્મ પદાર્થકી ભાવના કરની ચાહિયે. ૬૨.

* સંયમી જીવોને મનમાં, અસંયમી (અજ્ઞાની) જનોને દેખીને ઘણો સંતાપ થાય છે કે અરેરે! જુઓ તો ખરા, સંસારરૂપી કૂવામાં ડૂબવા છતાં આ જીવો કેમ નાચી રહ્યા છે! ૬૩.

* કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું છે અને માનસિક દુઃખ અલ્પ છે. તેને અહીં કહે છે કે શારીરિક દુઃખથી માનસિક દુઃખ ઘણું તીવ્ર છે–મોટું છે, જુઓ! માનસિક દુઃખ સહિત પુરુષોને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાવાળા દેખાય છે. ૬૪.

* જો પ્રાણી અસુરેન્દ્ર, દેવેન્દ્ર, ઔર નરેન્દ્ર (ચક્રવર્તી) કે ભોગોમેં સંતોષકો નહીં પ્રાપ્ત હુઆ હૈ વહ યહાં મનુષ્યોંકે ભોગોમેં ભલા કૈસે સંતોષકો પ્રાપ્ત હો સકતા હૈ? અર્થાત નહીં હો સકતા હૈ. ઠીક હૈ—જિસકી પ્યાસ સમુદ્રપ્રમાણ જલકે પી લેને પર ભી નહીં બૂઝી હૈ વહ ક્યા તૃણકે અગ્ર ભાગ પર સ્થિત બિંદુમાત્ર જલકે પીનેસે તૃપ્ત હો સકતી હૈ? કભી નહીં. ૬૫.

* આ શરીરમાં આત્માની ભાવના અન્ય શરીર ગ્રહણરૂપ ભવાન્તર પ્રાપ્તિનું બીજ છે અને આત્મામાં જ આત્માની ભાવના તે શરીરના સર્વથા ત્યાગરૂપ મુક્તિનું બીજ છે. ૬૬.

* જે જીવો મનુષ્યપર્યાયમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી કોઈ પણ પ્રકારે જૈનમતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર-સમુદ્રને પાર કરાવીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતાં નથી તો સમજવું જોઈએ કે તે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે. ૬૭.

* આંધળો તો કુવામાં પડે એ અચરજ નથી પણ દેખતો પડે એ અચરજ છે, તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે અને સંસારકૂપમાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. મોહઠગે તેના માથે ઠગોરી નાખી છે તેથી તે પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહ ઠગોરીને ઉતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે

છે કે પોતાના અખંડિત ઉપયોગનિધાનને લઈ અવિનાશી રાજ્ય કર! તારી હરામજાદીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો જાચક કંગાલ થયો છે; તારું નિધાન તારી પાસે જ હતું પણ તે સાંભળ્યું નહિ તેથી તું દુઃખી થયો. ૬૮.

* આ જગતમાં અનંત જીવ એવા છે કે જેને દ્વીન્દ્રીયાદિ સ્વરૂપની પ્રાપ્તિ કદી થઈ નથી. મિથ્યાત્વાદિ ભાવકલંકથી ભરેલ જીવ સર્વ કાળ નિગોદવાસને છોડતાં નથી. સૂક્ષ્મ વનસ્પતિરૂપથી રહેલ એવા જીવ અનંત છે. (આ સંસારમાં જીવને ત્રસપણું પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે.) ૬૯.

* હે પ્રભુ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ-જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો; એ દુઃખને યાદ કરતાં મારા હૃદયમાં આયુધની જેમ ઘા વાગે છે. ૭૦.

* આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલમત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે. ૭૧.

* જે સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દૃઢ રુચિ ઉત્પન્ન થાય છે તો તે (મોક્ષસુખની) પ્રાપ્તિનો સહેલો ઉપાય છે. ૭૨.

* હે મિત્ર! જો તમે અહીં સૌભાગ્યની ઇચ્છા રાખતા હો, સુંદર સ્ત્રીની ઇચ્છા રાખતા હો, પુત્રોની ઇચ્છા રાખનાર હો, લક્ષ્મીની ઇચ્છા રાખતા હો, મહેલની ઇચ્છા રાખતા હો, સુખની ઇચ્છા રાખતા હો, સુંદર રૂપની ઇચ્છા કરતા હો, પ્રીતિની ઇચ્છા કરતા હો અથવા જો અનંત સુખરૂપ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમ સ્થાન (મોક્ષ)ની ઇચ્છા રાખતા હો તો નિશ્ચયથી સમસ્ત દુઃખદાયક આપત્તિઓનો નાશ કરનાર ધર્મમાં તમારી બુદ્ધિ જોડો. ૭૩.

* જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બન્ને મરે જ છે તો વીરતાથી અર્થાત સંક્લેશ પરિણામોનો ત્યાગ કરીને શાંત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું શાંત–પરિણામી થઈને પ્રાણોનો ત્યાગ કરીશ. ૭૪.

[ અનુસંધાન માટે જુઓ પાનું–૨૪ ]

# નિશ્ચય-ધર્મ સાથે અનિવાર્ય વ્યવહાર-ધર્મનો સુમેળ

[ શ્રી પદ્મનંદિપંચવિંશતિ શાસ્ત્રના ઉપાસક સંસ્કાર ઉપર પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

[ પ્રવચન–૨ ]

આ ઉપાસક સંસ્કાર છે. શ્રાવકને આત્માના શ્રદ્ધા-જ્ઞાનની સાથે વ્રતાદિના સંસ્કારનો ભાવ હોય છે. ષટ્કર્મનો ભાવ પણ શ્રાવકને હંમેશા હોય છે. આમ તો, તેને આત્માની દૃષ્ટિ અને ભાન વર્તે છે પણ જ્યારે નિર્વિકલ્પ ઉપયોગ વર્તતો ન હોય ત્યારે આવા છ પ્રકારના આવશ્યક આદિનો શુભભાવ શ્રાવકને આવે છે તેને શ્રાવક કરે છે એમ પણ કહેવાય છે.

જેમ, લોકો પાપભાવથી રાજા-મહારાજાની સેવા કરવા રોજ જાય છે તેમ શ્રાવકને જિનેન્દ્રપૂજાનો ભાવ હંમેશા આવે છે. શ્રાવકની દૃષ્ટિએ તો ગુલાંટ ખાઈને દ્રવ્યનો આશ્રય લીધો છે પણ સાથે આવો શુભભાવરૂપ વ્યવહાર ન હોય અને એકલો અશુભભાવ જ હોય તો તેની પંચમગુણસ્થાનની ભૂમિકા ટકી શકતી નથી. આ પ્રથમ આવશ્યક 'જિનેન્દ્રપૂજા'ની વાત થઈ.

બીજું આવશ્યક છે 'ગુરુની સેવા'. જેમ ઘરના કુટુંબીજનોની સેવા હંમેશા કરો છો તેમ શ્રાવક હંમેશા નિર્ગ્રંથ ગુરુઓની સેવા કરે છે. આ છે તો શુભભાવ પુણ્યબંધનું કારણ છે પણ વ્યવહારરત્નત્રયમાં આ ભાવ આવ્યા વગર રહેતા નથી.

ત્રીજું આવશ્યક છે 'શાસ્ત્ર-સ્વાધ્યાય'. જેમ લોકો રોજ ધંધાના ચોપડા તપાસે છે, કેટલાં તાર-ટપાલ લખે છે ને વાંચે છે તેમ શ્રાવક, જેમાં વીતરાગભાવ અને વ્યવહાર રાગભાવનું વર્ણન છે એવી જિનવાણીનો હંમેશા કલાક, બે કલાક પણ સ્વાધ્યાય કર્યા વગર રહેતો નથી. શાસ્ત્ર સ્વાધ્યાય કરે તો જ તેનું લક્ષ વીતરાગની આજ્ઞા પ્રમાણે યથાર્થ રહ્યા કરે. માટે સ્વાધ્યાય તો દિન દિન પ્રત્યે હોવી જ જોઈએ. માત્ર શાસ્ત્રપ્રવચન સાંભળી લે પછી સ્વાધ્યાય કરવાનો સમય જ ન હોય એમ ન ચાલે.

ચોથું આવશ્યક છે—'સંયમ'. શ્રાવકને બીજા છકાયના જીવોને દુઃખ ન થાય એવો ભાવ હોય છે તથા શક્તિપ્રમાણે પાંચ ઇન્દ્રિય અને મનને ગોપવવાનો ભાવ હોય છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં તો કહ્યું છે કે, મુનિના જેટલા આચરણ કહ્યાં છે તે બધાંનો એકદેશ ભાગ શ્રાવકને હોય જ છે. તેમાં અમૃતચંદ્રાચાર્યદેવે સમ્યગ્દર્શન, જ્ઞાનની વાત કરીને વ્યવહારચારિત્રનો મોટો અધિકાર લખ્યો છે. ત્યાં કહ્યું છે આ ચારિત્ર મુનિને સર્વદેશ હોય છે અને શ્રાવકને તેનું એકદેશ પાલન હોય છે. તે અનુસાર

શ્રાવકને પણ હંમેશા અંશે ઇન્દ્રિયોનો સંયમ અને છકાયજીવોની હિંસાનો થોડો ત્યાગ હોય જ છે.

પાંચમુ આવશ્યક 'તપ' છે. તેમાં પોતાની યોગ્યતા અનુસાર એટલે શક્તિ પ્રમાણે ઇચ્છાના નિરોધરૂપ તપ શ્રાવકને હંમેશા હોય છે.

છઠ્ઠુ આવશ્યક 'દાન' છે. શ્રાવકને દરરોજ કાંઈને કાંઈ દાન દેવાનો ભાવ આવે છે. લક્ષ્મીની મમતા ઘટાડવાનો અને મુનિ આદિ પાત્રજીવોને આહાર આદિ દાન દેવાનો ભાવ તેને હંમેશા આવે છે. ધર્માત્મા, સાધર્મી, સંત કે મુનિને દાન દેવાનો ભાવ દિન-દિન પ્રત્યે આવે છે. દાન આપીને તે પોતાના ધનાદિનો સદુપયોગ કરે છે.

નિયમસારમાં આલોચના અધિકારમાં કહ્યું છે કે, યોગ્ય સ્થળે ધનના વ્યયનો અભાવ છે તેને કંજૂસ અને લોભી કહીએ છીએ. જ્યાં જ્યાં જેની યોગ્યતા અને જરૂરિયાત હોય એવા સ્થળે ધન ન ખર્ચે તે લોભી છે. કાલે કહ્યું હતું ને! ધર્માત્મા નામ ધરાવીને, વિવાહ આદિ લૌકિક પ્રસંગમાં ધનનો લોભ કરે છે એ તો આ લોકમાં જ નિંદા અને અપ્રશંસા પામે છે પણ ધાર્મિક કાર્યમાં ધનનો લોભ કરે છે તે તો આલોક અને પરલોક બંનેને બગાડે છે અને પોતાના સમ્યગ્દર્શનને પણ બગાડે છે.

શ્રાવકના કર્તવ્યમાં આવું બધું હોય છે ન હોય એમ નથી પણ શ્રાવક પોતાની દશાની સ્થિતિને સમજે છે કે, પાપથી બચવા માટે હંમેશા મને આવો શુભરાગ હોવો જોઈએ.

શ્રાવકનું નામ ધરાવે અને કહે કે, રોજ કાંઈ જિનદર્શનની જરૂર નહિ. કેમ કે, તે તો પુણ્યબંધનું કારણ છે. એમ ન હોય ભાઈ! એ પુણ્યબંધનું કારણ છે ધર્મ નથી એ વાત સાચી છે પણ તને આખો દિવસ વેપાર-ધંધા આદિના પાપભાવ તો આવે છે કે નહિ! જેમ એ પાપભાવ આવે છે તેમ શ્રાવકને ભગવાન પ્રત્યેની ભક્તિ-ઉલ્લાસના ભાવ આવ્યા વિના ન રહે.

શ્રાવક ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સામાયિકનો પ્રયોગ હંમેશા કરે છે. આત્માની ઓળખાણ તો થઈ છે પણ હવે હું સ્વરૂપમાં કેટલી વાર રહી શકું છું, ધ્યેયને પકડતાં કેટલી વાર લાગે તેનો પ્રયોગ-અજમાયશ શ્રાવક રોજ-રોજ કરે છે અને આઠમ-ચૌદશ વગેરે પર્વના દિવસોમાં પૌષધ કરીને શ્રાવક વારંવાર ધ્યેયને પકડવાનો પ્રયોગ કરે છે અને જીવનની છેલ્લી ઘડીઓમાં સંલેખનાનો પ્રયોગ પણ શ્રાવક કરે છે. શુદ્ધ ચૈતન્ય-સ્વભાવમાં આવીને નિર્વિકલ્પદશામાં દેહ છૂટે એવો ઉગ્ર પ્રયત્ન શ્રાવક છેલ્લી ઘડીઓમાં પણ કરે છે. ભવ પલટવાનો આ કાળ છે. એવે સમયે જો શાંતિ અને સમાધિ હોય,

ચૈતન્યની દષ્ટિ હોય તો તેને એક-બે ભવમાં ભવનો અભાવ થાય છે. જેણે જીવનમાં સામાયિકનો નાનો પ્રયોગ અને પૌષધરૂપ મોટો પ્રયોગ સાધ્યો હોય તેને અંત સમયે સમાધિ-મરણનો આવો પ્રસંગ આવ્યા વિના ન રહે.

લોકો હઠથી સમાધિ-મરણ કરે એની અહીં વાત નથી. છેલ્લે ટાઈમે લંગોટી કઢાવી નાંખે અને સાધુપણું લઈ લે એ તો દષ્ટિ-જ્ઞાનની ખબર વિનાનો માત્ર વ્યવહાર છે. તેની આ વાત નથી. અહીં તો જેણે ચૈતન્યની શ્રદ્ધાનો પ્રયોગ સાધ્યો છે, જ્ઞાયક-મૂર્તિનો પ્રયોગ જેણે રુચિ અને ધ્યેયમાં લઈ લીધો છે તે હંમેશા સ્વસન્મુખ થઈને સામાયિકનો પ્રયોગ કરે છે અને નિર્વિકલ્પ ન થઈ શકે તો ભગવાનના સ્મરણ આદિ સ્વાધ્યાયના વિકલ્પમાં રહે છે તેને વ્યવહાર સામાયિક કહેવાય છે અને જેટલો રાગરહિત થઈને ધ્યેયને પકડીને અંતરમાં એકાગ્ર થાય તેને નિશ્ચય સામાયિક કહેવાય છે.

समता सर्वभूतेषु संयमे शुभभावना ।
आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥८॥

આચાર્ય મહારાજ કરુણાબુદ્ધિથી શ્રાવકનું આચરણ કેવું હોય તેનું આ વર્ણન કરે છે. અમીતગતિ આચાર્યકૃત સામાયિક પાઠમાં પણ આ જ વાત આવે છે કે શ્રાવકને સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ હોય છે, પોતાના કરતાં દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોમાં જે મોટા હોય તેના પ્રત્યે પ્રમોદ આવે છે, બહુ દુ:ખી અથવા દરિદ્રને દેખીને તેના ઉપર કરુણા આવે છે અને બહુ વિપરીત-ભાવવાળા એવા વિરોધી જીવો પ્રત્યે પણ તેને દ્વેષ નહિ પણ મધ્યસ્થભાવ રહે છે. કુદષ્ટિ, કુજ્ઞાન અને કુચારિત્રવાળા લંપટી જીવો પ્રત્યે પણ તેને શાંતિ વર્તે છે- મધ્યસ્થભાવ રહે છે, તિરસ્કાર આવતો નથી.

શ્વેતાંબરમાં સામાયિક, પ્રતિક્રમણનો પ્રયોગ બહુ હોય છે પણ જેને હજુ મિથ્યાત્વભાવનું પ્રતિક્રમણ નથી તેને અવ્રત અને પ્રમાદનું પ્રતિક્રમણ સાચું કયાંથી હોઈ શકે? જેને વીતરાગભાવના સ્વરૂપની ખબર નથી તેને વીતરાગી સામાયિક કયાંથી હોઈ શકે? અહીં તો જેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના વીતરાગભાવની વ્યવહાર શ્રદ્ધા બરાબર છે અને નિશ્ચયમાં આત્માની યથાર્થ શ્રદ્ધા છે એવા સમ્યગ્દષ્ટિ શ્રાવકને સાચી સામાયિક, પૌષધ અને પ્રતિક્રમણ આદિનો પ્રયોગ હોય છે. તેને અંતરથી એવી શુભભાવના હોય કે અહો! હું કયારે વિશેષ સંયમ લઉં! કયારે ચારિત્ર ધારણ કરું! કયારે વનવાસમાં સાધના કરું! એવી ભાવના હોય.

આમ, સર્વ પ્રાણીઓ પ્રત્યે સમતાભાવ ધારણ કરવો, સંયમના વિષયમાં શુભ-

ભાવ રાખવો અને આર્ત તથા રૌદ્રધ્યાનોનો ત્યાગ અને ધર્મધ્યાનનું ગ્રહણ તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે.

હવે નવમાં શ્લોકમાં આચાર્યદેવ કહે છે કે શ્રાવકને સાત વ્યસન ન હોય. જેને સાત વ્યસન હોય તેને તો સમ્યગ્દર્શન પણ ન હોય, તેને સામાયિક આદિ વડે સ્વરૂપમાં સ્થિર થવાનો યોગ તો ક્યાંથી હોય!

सामायिकं न जायेत व्यसनम्लानचेतसः ।
श्रावकेन ततः साक्षात्याज्यं व्यसनसप्तकम् ॥ ९ ॥

વ્યસન એટલે જ પીડા. સાતેય પ્રકારના વ્યસનમાં આકુળતા...આકુળતા અને મહાપાપ છે. માટે વ્યસનોથી જેનું ચિત્ત મલિન છે તેને કદાપિ સામાયિકવ્રત હોતું નથી. માટે સામાયિકના અભિલાષી ધર્મીને એટલે કે જેને સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ થયા છે અને સ્થિરતાની ભાવના કરે છે તેને સાત વ્યસનો સ્વપ્નમાં પણ ન હોઈ શકે. તેને તો સાત વ્યસનોનો સર્વથા ત્યાગ હોય છે.

પરમાર્થના નિરૂપણમાં એમ આવે કે રાગનો કર્તા તો આત્મા નહિ પણ ત્યાગ કરનાર પણ આત્મા નથી. વસ્તુની દૃષ્ટિ-જ્ઞાન અને સ્થિરતા થતાં રાગ છૂટી જાય છે તેને વ્યવહારથી રાગ છોડ્યો એમ કહેવાય છે. એ રીતે ધર્મીએ સાત વ્યસનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ એમ કહ્યું છે.

द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।
महापापानि सप्तैव व्यसनानि त्यजेद् बुधः ॥ १० ॥

દ્યૂત એટલે જુગાર ખેલવો તે શ્રાવકને ન હોય. સટ્ટાનો વેપાર એ પણ એક જાતનો જુગાર જ છે. જેમાં તીવ્ર આકુળતા છે એવો જુગાર કે સટ્ટો ધર્મીને ન હોય. કેમ કે તેમાં તો ઘણું પાપ છે એવું કાર્ય સમકિતી શ્રાવકને પહેલી ચોટે જ ન હોય. સાત વ્યસન હોય ત્યાં સુધી જીવ ધર્મને પાત્ર પણ નથી.

માંસનો ખોરાક પણ ધર્મીને ન હોઈ શકે. માંસ એટલે તેમાં કોડલીવર અને એવી જાતના ત્રસના ખોરાક પણ તેને ન હોય.

દારૂ પીવો તે પણ એક વ્યસન છે. એવું વ્યસન ધર્મીને ન હોય. શાસ્ત્રકાર તો કહે છે કે દારૂનું કે મધનું એક ટીપું પીવામાં પણ સાત ગામને મારવા જેટલું પાપ છે એટલા બધાં એમાં જીવ રહેલાં હોય છે.

અરે! અત્તરનો વેપાર પણ શ્રાવકને ન હોઈ શકે. અત્તરના શીશામાં

ત્રસજીવો ભરેલા હોય છે. અત્તરના એક ટીપામાં પણ મહાન પાપ છે તે શરીર કે કપડાં ઉપર છંટાય જ નહિ. શ્રાવકના વ્યવહારમાં આવું બધું તો સહજ હોય. તેમાં જ વ્યવહારની શોભા છે.

શ્રાવકને વેશ્યા ન હોય. શિકાર ન હોય. ચોરી ન હોય અને પરસ્ત્રીનું સેવન પણ ન હોય. સાતેય વ્યસન મહાપાપના કરનારા છે, તેનું સેવન શ્રાવકને હોઈ જ ન શકે. સાત વ્યસનમાં પડયો હોય તેને તો ધર્મની સૂઝ પણ ન પડે. માટે વિવેકી મનુષ્યે સાતેય વ્યસનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

धर्मार्थिनो ऽपि लोकस्य चेदस्ति व्यसनाश्रयः ।
जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता ॥११॥

ધર્માભિલાષી મનુષ્ય પણ જો તે વ્યસનોનો આશ્રય લે છે તો તેનાથી તેને તે ધર્મ શોધવાની યોગ્યતા પણ ઉત્પન્ન થતી નથી. કેમ કે, સાત વ્યસન તો મહાપાપ છે અને તેનાથી પણ મહાન પાપ મિથ્યાત્વમાં છે પણ તેનો ત્યાગ કરવાનું તો પ્રથમ જ કહ્યું છે. સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગણું મોટું છે.

ટોડરમલજીએ લખ્યું છે કે પહેલાં જ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રમાં ધર્મબુદ્ધિનો અભિપ્રાય છોડવો અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધા કરવી. પણ તેના પ્રત્યેના રાગમાં ધર્મ માને તો એ પણ મિથ્યાત્વ છે માટે અભિપ્રાયને બરાબર શુદ્ધ કરવો. કેમ કે સાતવ્યસન કરતાં પણ મિથ્યા અભિપ્રાયનું પાપ જીવને મારી નાંખે તેવું છે. નીતિમાં નિપુણ પુરુષો લોકની લાજે કે દુનિયાની શરમથી સત્યથી આગળ એક ડગલું પણ ભરતાં નથી.

મોક્ષમાર્ગ પ્રકાશક વાંચીને એક માણસ એમ કહેવા લાગ્યો કે માંસ ખાવું કે દારૂ પીવો એ કયાં આત્માની ક્રિયા છે! નિશ્ચય હોય તેને વ્યવહાર કાંઈ નડતો નથી. તેને કહ્યું કે ભાઈ! એમ ન હોય. નિશ્ચયના ભાનવાળાને એવા વ્યસનો હોય જ નહિ. આત્મા માંસ ખાવાની ક્રિયા કરતો નથી પણ ખાવાનો ભાવ છે તે જ મહાપાપ છે. માટે પાપ નથી એમ માનશો તો રખડી જશો.

માંસ ખાવાનો, દારૂ પીવાનો, પરસ્ત્રી સેવવાનો, ચોરીનો વગેરે તીવ્ર આકુળતાભાવ જેને હોય તેને ધર્મ ધારણ કરવાની ધીરજ કયાંથી હોય! માટે સમ્યગ્દર્શન પહેલાં પણ ધર્મની ભાવનાવાળાને સાત વ્યસનનો ત્યાગ હોવો જોઈએ, સાત વ્યસનવાળા ધર્મની પરીક્ષા પણ કરી શકતા નથી માટે તેનો ત્યાગ તો પહેલાં જ જોઈએ.

सप्तैव नरकाणि स्युस्तैरेकैकं निरूपितम् ।
आकर्षयन्नृणामेतद्व्यसनं स्वसमृद्धये ॥१२॥

વ્યસન પણ સાત છે અને નરક પણ સાત છે. તેથી આચાર્યદેવ સંબંધ બતાવે છે કે જાણે નરકમાં જીવોની વૃદ્ધિ કરવા માટે મનુષ્યોને ખેંચવા માટે એક એક વ્યસનને નિયુક્ત કર્યા છે. સાતેય નરકના સ્થાન આવા વ્યસની વડે જ પૂરા પડે છે. એક એક વ્યસનના સેવનારા એક એક નરકમાં ચાલ્યા જાય છે. સાતેય વ્યસનના સેવનારા નરકગામી છે માટે ધર્માભિલાષીને વ્યસનનું સેવન હોય જ નહિ.

સાત વ્યસન માટે આચાર્યદેવ હજુ વિશેષ કહે છે.

धर्मशत्रुविनाशार्थं पापाख्यकुपतेरिह ।
सप्ताङ्गं बालवद्राज्यं सप्तभिर्व्यसनैः कृतम् ॥१३॥

સાત વ્યસનોએ જાણે ધર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે પાપ નામથી પ્રસિદ્ધ નિકૃષ્ટ ( હલકાં ) રાજાના સાત રાજ્યાંગો ( રાજા, મંત્રી, મિત્ર, ખજાનો, દેશ, દુર્ગ અને સૈન્ય )થી યુક્ત રાજ્યને બળવાન કર્યું છે. સપ્તવ્યસની પોતે રાજા છે અને સાત તેના અંગો છે તે વડે તે ધર્મરૂપી રાજાનો નાશ કરે છે. કેમ કે એ ધર્મનો વૈરી છે. માટે જે પુરુષ ધર્મની રક્ષા કરવા માગે છે તેણે સપ્ત વ્યસનોનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ.

આમ, અહીં સામાયિક, છ આવશ્યક અને સાત વ્યસનોનું સંક્ષેપ વર્ણન કર્યું. હવે છ આવશ્યકનો વિસ્તાર કરે છે. છ આવશ્યકની મહિમાનું વર્ણન કરે છે.

प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये ।
ते च दृश्याश्च पूज्याश्च स्तुत्याश्च भुवनत्रये ॥१४॥

જે ભવ્ય પ્રાણી ભક્તિથી જિનભગવાનના દર્શન, પૂજન અને સ્તુતિ કરતાં રહે છે. તે ત્રણલોકમાં પોતે જ દર્શન, પૂજન અને સ્તુતિયોગ્ય બની જાય છે. અભિપ્રાય એ છે કે તે પોતે પણ પરમાત્મા બની જાય છે.

અહો, જેને આત્માની અંતરદૃષ્ટિ-ભક્તિ પ્રગટી છે તે હંમેશા ત્રણલોકના નાથ જિનેન્દ્ર વીતરાગ પરમાત્માની ભક્તિ-પૂજા કરે છે. એવું ન હોય કે કોઈ-કોઈ દિવસ મંદિરે જાય અને કહે કે, અમે ભગવાનના ભક્ત છીએ, રોજ પૂજા કરીએ છીએ!

ધર્મીને દિન-દિન પ્રત્યે ભગવાનની પૂજા-ભક્તિનો રાગ આવ્યા વગર રહેતો નથી અને રાગ આવે છતાં તેમાં એકત્વ થતું નથી. તેથી જ તેના વ્યવહારને સાચો

વ્યવહાર કહેવાય છે. રાગની એકતા પડી છે તેનો વ્યવહાર તો એકલો વ્યવહારાભાસ છે. કાલે કોઈએ પ્રશ્ન કર્યો હતો કે રાગમાં તત્પરતા-( એકાકારતા ) વિના ભક્તિ કેવી રીતે થાય ? તેનો જ આ ઉત્તર છે કે રાગ અને સ્વભાવની ભિન્નતાની દૃષ્ટિપૂર્વક જ ધર્મીને ભક્તિ આવે છે અને તે જ યથાર્થ વ્યવહાર છે. હું જાણનાર છું, શ્રદ્ધા-જ્ઞાન સંપન્ન આત્મા છું, તેમાં રાગનો ત્રિકાળ અભાવ છે. એવી બે વચ્ચેના અભાવની દૃષ્ટિ વગર રાગમાં એકાકાર થાય તેને વ્યવહારભક્તિ પણ કહેવાતી નથી.

ભવ્યજીવ જિનેન્દ્રભગવાનને ભક્તિપૂર્વક દેખે છે. અહો! ત્રિલોકનાથ, વીતરાગ જિનેન્દ્રદેવ અક્રિયબિંબ, જાણે લોકાલોકને અક્રિયપણે જાણતી હોય એવી વીતરાગમુદ્રાનું બિંબ ! એમ ભક્તિપૂર્વક ભગવાનને ભાળે છે તે પોતે પૂજાને યોગ્ય થાય છે એટલે કે તેને એવું પુણ્ય બંધાય છે કે તેના ફળમાં ઇન્દ્રો તેની પૂજા કરશે. આમ કહીને પુણ્ય અને પુણ્યનું ફળ બતાવ્યું છે. એ પુણ્ય જ જુદી જાતનું—લોકોત્તર પુણ્ય—બંધાય છે. જેમ સો કળશી અનાજ થાય તેની સાથે સો ગાડા ખડ તો થાય જ. એમ ન બને કે અનાજ થાય અને ઘાસ ન થાય. તેમ જેને આત્માની રુચિ અને ભક્તિ છે તેને જિનેન્દ્રભગવાનની ભક્તિ એવી હોય કે ઇન્દ્રો તેને પૂજે તેવા પુણ્ય બંધાય છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવકનું પુણ્ય જ એવું લોકોત્તર હોય કે, એ જ્યાં જનમશે ત્યાં ભગવાનનો યોગ તો હોય જ પણ પોતે પણ એવો રાજા થાય કે તેને લોકો પાસેથી કર-વેરા લેવા ન પડે. પોતે જ અબજોપતિ રાજા હોય અથવા તેના આસપાસના દરિયામાં માછલા એવા હોય કે કરોડો રૂપિયાના મોતી પાકતાં હોય અથવા આસપાસના પથ્થરના તળિયામાંથી નીલમણિ અને રતન આદિ નીકળે. એ નગરની રૈયત એમ જાણી જાય કે આ કોઈ જુદી જ જાતનો પુણ્યવંત પ્રાણી છે કે અમારી પાસેથી કર લેતો નથી છતાં સમૃદ્ધિનો પાર નથી. આવું સમ્યગ્દૃષ્ટિને પુણ્ય બંધાય છે. જેને પુણ્યનો આદર નથી તેને આવા ઊંચા પુણ્ય બંધાય છે અને જેને પુણ્યનો આદર છે તેને આવા પુણ્ય બંધાતા નથી. માટે જ કહ્યું છે કે, ' ત્યાગે તેને આગે અને માગે તેને ભાગે.'

ભગવાનની ભક્તિ તો ઇન્દ્રો પણ કરે છે. નંદીશ્વરદ્વીપ કે જ્યાં બાવન જિન-મંદિરો છે ત્યાં અષ્ટાહ્નિકા પર્વમાં દેવોસહિત ઇન્દ્ર અને તેની ઇન્દ્રાણી-શચી પણ ભગવાનની પૂજા કરવા જાય છે. સાક્ષાત સીમંધરાદિ ભગવાન પાસે તો જાય જ છે પણ આ પ્રસંગે નંદીશ્વર આદિ શાશ્વત તીર્થોમાં પણ દેવો જાય છે. અહો પ્રભુ! જેમ ત્રણકાળમાં મનુષ્યલોકમાં અરિહંતનો કદી વિરહ નથી તેમ પ્રતિમા પણ શાશ્વત છે. એવો કુદરત સાથે મેળ છે. જેમ ચંદ્ર, સૂર્ય અનાદિથી છે તેમ આ વીતરાગ સર્વજ્ઞની પ્રતિમા પણ અનાદિથી છે, તેની પાસે પણ ઇન્દ્ર પગમાં ઘૂઘરા બાંધીને નાચે

છે. ભલે એ તો શરીરની ક્રિયા છે પણ તેને ભગવાન પ્રત્યે ઉલ્લાસ પણ એવો ઊછળે છે. આમ, ભગવાનની પૂજા કરનારને પુણ્ય પણ એવા બંધાય છે કે તે ત્રણલોકમાં દર્શનીય બની જાય છે.

ભગવાનની ભક્તિ કરનારને પુણ્યની કે તેના ફળની ઇચ્છા નથી. છતાં તીર્થંકર-ગોત્ર આદિ એવી અચિંત્યપ્રકૃતિ બંધાય છે કે, જેના ફળમાં ત્રણલોકમાં ક્ષણભર તો ઝળહળાટ થઈ જાય છે પણ એવું પુણ્ય કોને હોય! કે જેને તેનો આદર નથી એવા ભવ્ય જીવને જ આવી પ્રકૃતિ બંધાય છે. સત્ આત્માના શ્રદ્ધા, જ્ઞાનપૂર્વક સત્ એવા ભગવાનની ભક્તિ-પૂજાનો ભાવ આવ્યો છે તો તેના ફળમાં દુનિયા પણ એને ભક્તિ-પૂર્વક જોશે, સ્તુતિ કરશે, એવા અલૌકિક પુણ્ય બંધાય છે.

હવે આગળ કહે છે કે, ભગવાનની જે ભક્તિપૂર્વક સ્તુતિ, પૂજા કરતો નથી તેનું જીવન નિષ્ફળ છે, તેના ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે.

ये जिनेन्द्रं न पश्यन्ति पूजयन्ति स्तुवन्ति न ।
निष्फलं जीवितं तेषां तेषां धिक् च गृहाश्रमम् ।।१५।।

અરે! આચાર્યદેવ આમ કહે છે? હા. એ તો વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. બનારસીદાસજી તો કહે છે કે,

कहत बनारसी अलप भवस्थिती जाकी,
सो ही प्रवाने जिनप्रतिमा जिनसारखी ।

જેને પ્રતિમામાં સાક્ષાત્ જિનના દર્શન થાય છે તેને ભક્તિ ઊછળ્યા વગર કેમ રહે!

આ તો મૂર્તિ નહિ માનનારાને આકરી પડી જાય તેવી વાત છે. કોઈ તો એમ કહે છે કે સમયસારમાં કુંદકુંદઆચાર્યે તો ક્યાંય પ્રતિમાની વાત કરી નથી, આખું તત્ત્વાર્થસૂત્ર જોયું પણ ઉમાસ્વામીએ ક્યાંય પ્રતિમાની એને પૂજા-ભક્તિની વાત કરી નથી. અરે ભાઈ! સાંભળને...તને તેના ઘરની શું ખબર પડે! ચાર નિક્ષેપ કહ્યાં છે તેમાં પ્રતિમાનું સ્થાપન આવી ગયું કે નહિ! સાતતત્ત્વ, અરિહંત, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ બધાંમાં ઉમાસ્વામીએ ચાર નિક્ષેપ ઉતાર્યા છે.

અરે ભાઈ! તને હજુ વ્યવહારશ્રદ્ધાના ઠેકાણાં નથી ત્યાં નિશ્ચયશ્રદ્ધાની ભૂમિકામાં કેવા કેવા નય, નિક્ષેપ આદિનો વ્યવહાર હોય તેની ક્યાં ખબર છે! વાસ્તવિક વ્યવહારનયના વિષયમાં જિનેન્દ્રપ્રતિમાની ભક્તિ આદિનો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. જેને જિનેન્દ્રદેવની ભક્તિ આવતી નથી, દર્શન-પૂજા ભાવથી કરતો નથી અને ભગવાનના મંદિર પાસેથી દર્શન વિના ચાલ્યો જાય છે તે ભગવાનનો

અનાદર-અશાતના કરનાર છે. શાસ્ત્રમાં આવે છે કે, મહામુનિરાજ ધ્યાનમાં બેઠા હોય અને ઉપરથી વિમાનમાં દેવ નીકળે તો નીચે ઉતરીને વંદન કરીને આગળ જાય છે. વંદન કર્યા વગર જવા માગે તો વિમાન થંભી જાય છે. ભગવાન કે મુનિના વંદન કર્યા વિના જવાય નહિ એવો કુદરતનો નિયમ છે. પાર્શ્વનાથ ભગવાન નીચે ધ્યાનમાં હતાં અને ઉપરથી કમઠનું વિમાન નીકળ્યું, થંભી ગયું, જાણ્યું કે આ તો પાર્શ્વનાથ છે, એકદમ ક્રોધ આવ્યો કે મારું વિમાન થંભાવ્યુ! એટલે કમઠે ક્રોધમાં પથ્થર અને પાણીની વર્ષા કરી, અગ્નિના ભડકા કર્યા પણ પાર્શ્વમુનિરાજ તો ધ્યાનમાં લીન છે થોડી જ વારમાં કેવળજ્ઞાન થવાનું છે એટલે કમઠના પરિષહથી તેમનો દેહ તો છૂટવાનો હતો નહિ અને કુદરતે પુણ્યનો યોગ હતો, તો ધરણેન્દ્રનું આસન કંપ્યું એટલે તેને થયું, જરૂર ક્યાંય પ્રતિકૂળતા છે. તરત ઉપયોગ મૂકીને જાણ્યું કે, અહો, આ તો કમઠ પાર્શ્વનાથ ને ઉપસર્ગ આપે છે. ધરણેન્દ્રે આવીને ઉપસર્ગ દૂર કર્યો. આમ, ભક્તને તો ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળતી હોય છે.

ભાવલિંગી મુનિ મહાત્મા દિગંબર સંત વીતરાગપદમાં બિરાજે છે તે કહે છે કે, અરે ગૃહસ્થાશ્રમી! તું ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવની પ્રતિમાને માનતો નથી, પૂજા-ભક્તિ, સ્તુતિ કરતો નથી તો તારા ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે. અરે, જ્યાં ભગવાનની ભક્તિ નહિ, ધર્માત્માનો આદર નહિ, ધર્માત્મા આવે તેને આહાર-પાણી આપવાનો સત્કાર નહિ, દાનાદિનો ભાવ નહિ એવા ગૃહસ્થાશ્રમને ઊંડા પાણીમાં અંજલિ આપીને હોમી દે! જે ગૃહસ્થાશ્રમ નરકમાં લઈ જાય તે શું કામનો? તેને હોમી દે.

જુઓ! આ વ્યવહાર છે કે નહિ! વ્યવહારના સ્થાનમાં વ્યવહાર બરાબર હોય છે તેને અમે ઉડાવતાં નથી પણ તેની મર્યાદા બતાવીએ છીએ કે ધર્મીને પાપથી બચવા માટે એવો લોકોત્તર વ્યવહાર આવ્યા વગર રહેતો નથી પણ તેના ફળમાં લોકોત્તર સંયોગ ફળે છે, ધર્મ ફળતો નથી. આ તેની મર્યાદા છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા થતી નથી ત્યાં સુધી વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. વળી, ગૃહસ્થાશ્રમમાં તો ધર્મીને ચારિત્ર પણ નથી તો કેવળજ્ઞાન તો ક્યાંથી હોય!

અષ્ટપાહુડમાં કહ્યું છે ને! તીર્થંકરને એ ભવે જ કેવળજ્ઞાન નિશ્ચિત છે, ત્રણજ્ઞાન તો લઈને આવ્યા છે, પોતાને ખબર છે કે, આ ભવે જ મારો મોક્ષ છે છતાં ચારિત્ર વિના કેવળજ્ઞાન થતું નથી. હું રાગનો અભાવ કરીને સ્વરૂપમાં રમણતા નહિ કરું ત્યાં સુધી મને કેવળજ્ઞાન નહિ થાય એમ જાણતાં જ્ઞાનીને જ્યાં સુધી એવું ચારિત્ર ન આવે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં વ્યવહારરત્નત્રયના ભાવમાં શુભભાવની

પ્રચુરતા આવ્યા વિના રહેતી નથી. પણ તેને ધર્મી પુણ્યબંધનું કારણ જાણે છે, ધર્મ માનતા નથી.

દેશવ્રતોદ્યોતનની ૧૭મી ગાથામાં કહ્યું છે કે. यथर्द्धि त्रिविधं दानं सदा दीयतां ધન અનુસાર ભવ્યજીવોએ અનેક પ્રકારના દાન જરૂર કરવા જોઈએ. કેમ કે, ઉત્તમ આદિ પાત્રોમાં દીધેલું દાન જ સંસારરૂપી સમુદ્ર પાર કરવામાં જહાજ સમાન છે. સ્વભાવની દૃષ્ટિ સહિત આવા ભાવ છે માટે તેની ઉપર આરોપ કરીને તેને જહાજ સમાન કહ્યાં છે. વળી આગળ બીજી ગાથામાં કહ્યું છે—જે મનુષ્ય ધન હોવા છતાં દાન દેવામાં આળસ કરે છે અને ધર્માત્મા નામ ધરાવે છે તે મનુષ્ય માયાચારી, કપટી છે. તેનું તે કપટ બીજા ભવમાં તેના સમસ્ત સુખોનો નાશ કરે છે એવા મનુષ્યો મરીને તિર્યંચમાં જાય છે. ત્યાં તેને ભૂખ, તરસ, વધ, બંધન આદિના દુઃખો સહન કરવા પડે છે માટે મનુષ્યે કદી માયા કરવી ન જોઈએ. પોતાની શક્તિ અનુસાર કોળિયા, એ કોળિયા જેટલું પણ દાન તો હંમેશા દેવું જોઈએ. મારી પાસે ધન નથી, હું લાખોપતિ, કરોડપતિ થઈશ ત્યારે દાન દઈશ એમ ન હોય. ઇચ્છાનુસાર ધનાદિ વસ્તુ ક્યારેય કોઈને મળતી નથી માટે જેટલી શક્તિ હોય તે અનુસાર દાન હંમેશા દેવું જોઈએ.

જુઓ! વનમાં વસનારા સંત જગતના જીવોને તેને યોગ્ય વિવેકનો વ્યવહાર સમજાવે છે, કેટલી કરુણા છે!

હવે ૧૬મી ગાથામાં મુનિરાજ કાલે કહી હતી તે વાત કહે છે.

प्रातरूत्थाय कर्तव्यं देवतागुरूदर्शनम् ।
भक्त्या तद्वन्दना कार्या धर्मश्रुतिरूपासकैः ॥१६॥

ભવ્યજીવોએ પ્રાતઃકાળ ઊઠીને ભક્તિથી જિનેન્દ્રદેવ તથા નિર્ગ્રંથ ગુરુના દર્શન અને તેમની વંદના કરીને ધર્મશ્રવણ કરવું જોઈએ.

કોઈને એમ તર્ક ઊઠે કે, ઊઠવું અને વંદન કરવું એ બધી ક્રિયા તો આત્મા કરી શકતો નથી ને?—અરે ભાઈ! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એવો જ હોય છે કે, શ્રાવકને એવો ભાવ આવ્યા વિના રહેતો નથી અને તે વખતે શરીરની ક્રિયા પણ એવી જ થવા યોગ્ય હોય છે. છતાં તેનો અર્થ એવો નથી કે આત્મા શરીરની ક્રિયાને કરે છે.

શ્રાવકે દિન દિન પ્રત્યે કરવાનું આ કર્તવ્ય છે હો! ભગવાનની ભક્તિ, પૂજા, વંદના, ગુરુની સેવા અને ધર્મનું શ્રવણ પણ હંમેશા કરવું જોઈએ. રોજના કર્તવ્યમાં સ્વાધ્યાયની સાથે ધર્મનું શ્રવણ પણ શ્રાવકને હંમેશા હોય છે. સવારમાં ઊઠીને પહેલાં આ કાર્ય કર્યા પછી અન્ય કાર્ય કર્તવ્ય છે.

જિનેન્દ્ર દર્શન, પૂજા, સેવા, સ્વાધ્યાય કર્યા પછી સંસારના અન્ય કાર્ય કરવા એમ કહ્યું છે તેનો અર્થ એવો નથી કે આચાર્યદેવ તે સંસારના કાર્યો કરવામાં સમંત છે. તેમને તો નવ નવ કોટીએ સંસારના કાર્યોનો ત્યાગ છે. મુનિરાજ તો તેને પ્રથમ જ આ કર્તવ્ય કરવાનો ઉપદેશ આપે છે કે, દેવ-ગુરુના દર્શન, ભક્તિ, શાસ્ત્રશ્રવણ, સ્વાધ્યાય એ તો સવારમાં ઊઠીને પહેલું જ હોવું જોઈએ. અને પછી પણ તારાથી બની શકે તો સંસારના સર્વ કાર્ય છોડીને મુનિ જ થઈ જવા જેવું છે પણ એ ન થઈ શકે તો ગૃહસ્થાશ્રમમાં રહીને આટલો નિયમ તો રાખજે જ. એ વાત અહીં સ્થાપવી છે.

ગણધરાદિ મહાપુરુષોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થમાં ધર્મનું જ સૌ પ્રથમ નિરૂપણ કર્યું છે. કેમકે, સ્વરૂપમાં લીનતા તો શ્રાવકને બહુ ટકી શકતી નથી એટલે તેને શુભભાવ જ વધારે આવે છે. પણ પ્રથમ સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રાપ્તિ પછીની જ આ વાત છે. રત્નકરંડશ્રાવકાચાર લ્યો કે મોક્ષશાસ્ત્ર લ્યો કે પુરુષાર્થસિદ્ધિઉપાય લ્યો, દરેકમાં પ્રથમ સમ્યક્ત્વ થયા પછી જ શુભભાવરૂપ વ્યવહાર કહ્યો છે. પ્રવચનસારમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, શ્રાવકને મુખ્યપણે વ્યવહારધર્મ છે તે જ તેને મોક્ષનું કારણ થાય છે. તે કઈ અપેક્ષાએ કહ્યું?—કે, શ્રાવકની દૃષ્ટિમાં એમ છે કે, જેટલો રાગ છૂટે છે તેટલો જ ધર્મ છે. માટે આ રાગ છોડીને મારે સ્થિરતા કરવાની છે, તેનાથી જ ધર્મ થશે એમ એ જાણે છે માટે, શુભવ્યવહારથી પરંપરા મોક્ષ થાય છે એમ કહ્યું છે. આમ, આગમમાં જે કહ્યું હોય તેનો હેતુ બરાબર સમજવો જોઈએ.

[ ક્રમશઃ ]

[ આત્માર્થ-પોષક આર્ષવાણી...પૃષ્ઠ ૧૩ થી ચાલુ ]

* જેમ કોઈ મૂર્ખ સુવર્ણના થાળમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથ વડે ચિંતામણિ ફેંકી દે છે તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્યજન્મને પ્રમાદને વશ થઈને વ્યર્થ ગુમાવે છે. ૭૫.

* બીજી આડી અવળી વાતો કરવાનું છોડો; તે તો માત્ર એક-બે શબ્દોથી ટૂંકમાં જ પતાવી દો, ને સદાય નિજાત્મતત્ત્વના અભ્યાસ વડે આત્મગુણોની વૃદ્ધિ કરો. ૭૬.

આધ્યાત્મિક પ્રકાશન

# ✻ સૂચિ-પત્ર ✻

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| **મૂળ શાસ્ત્ર** | |
| શ્રી પ્રવચનસાર | ૧૫-૦૦ |
| ,, प्रवचनसार | प्रेसमें |
| ,, નિયમસાર | ૯-૦૦ |
| ,, नियमसार | ३०-०० |
| ,, पंचास्तिकायसंग्रह | २०-०० |
| ,, પંચાસ્તિકાય સંગ્રહ | ૯-૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮-૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦-૦૦ |
| ,, પદ્મનંદિ-પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | ६-५० |
| ,, સ્વામીકીર્તિકેયાનુપ્રેક્ષા | ૧૫-૦૦ |
| ,, ઇષ્ટોપદેશ | ૭-૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫-૫૦ |
| ,, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય | ૫-૦૦ |
| ,, સમયસાર-કલશ | ૭-૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦-૦૦ |
| ,, नाटक समयसार | ७-०० |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૪-૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिनी | ७-०० |
| ,, ચિદ્‌વિલાસ | ૧-૭૫ |
| ,, चिद्‌विलास | ५-०० |
| ,, અનુભવપ્રકાશ | ૨-૦૦ |
| ,, अनुभवप्रकाश | ५-०० |
| ,, સત્તાસ્વરૂપ | ૨-૫૦ |
| ,, सत्तास्वरूप | २-५० |
| ,, आत्म-अवलोकन | ४-०० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | ૧૭-૦૦ |
| ,, છ ઢાળા | ૩-૫૦ |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૪-૦૦ |
| ,, गुरुदेवश्रीके वचनामृत | प्रेसमें |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩-૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | ३-०० |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪-૫૦ |
| ,, આલોચના | ૧-૦૦ |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩-૦૦ |
| ,, સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી | ૩-૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (૫ અધ્યાયવાળી) | ૩-૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका ( ,, ) | ३-०० |
| ,, સમયસાર હરિગીત | ૧-૦૦ |
| ,, પ્રવચનસાર હરિગીત | ૧-૦૦ |
| **પ્રવચન સાહિત્ય** | |
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ-૨ | ૫-૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | ૬-૦૦ |
| ,, ,, ,, ભાગ-૪ | ૭-૫૦ |
| ,, ,, ,, ભાગ-૫ | ૮-૦૦ |
| ,, ,, ,, ભાગ-૬ | ૭-૦૦ |
| ,, ,, ,, ભાગ-૭ | ૮-૦૦ |
| ,, ,, ,, ભાગ-૮ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૯ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૦ | ૧૨-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૧ | ૧૪-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી સમયસાર પ્રવચન ભાગ–૧/૨ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૫ | ૧૫–૦૦ |
| श्री समयसार प्रवचन भाग–२ | ७–०० |
| ,, ,, ,, भाग–३ | ७–०० |
| ,, ,, ,, भाग–४ | ८–०० |
| ,, ઈષ્ટોપદેશ પ્રવચન | ૯–૦૦ |
| ,, આત્મભાવના (સમાધિતંત્ર પર પ્રવચનો) | ૫–૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧–૨૫ |
| ,, વચનામૃત–પ્રવચન ભાગ–૧ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૨–૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૧૫–૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭–૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૫–૦૦ |
| ,, રત્નકરંડશ્રાવકાચાર | ૧૨–૦૦ |
| ,, सम्यग्ज्ञान दीपिका | १३–०० |
| ,, સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧૩–૦૦ |
| ,, અધ્યાત્મસંદેશ | ૫–૫૦ |
| ,, ધર્મની ક્રિયા | ૫–૦૦ |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬–૦૦ |
| ,, वस्तुविज्ञानसार | ८–०० |
| ,, વીતરાગ–વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) | |
| ,, ,, ,, ભાગ–૨ | ૧–૫૦ |
| ,, ,, ,, ,, –૪ | ૧–૨૫ |
| ,, वीतराग–विज्ञान (छ ढाला प्रवचन) भाग–१ | २–७५ |
| ,, ,, ,, २ | १–७५ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| श्री वीतराग–विज्ञान (छ ढाला प्रवचन) भाग–३ | ३–०० |
| ,, धन्यावतार | २–०० |
| ,, ધન્યાવતાર | ૨–૦૦ |
| પૂજા–ભક્તિ–સ્વાધ્યાય | |
| શ્રી જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૨–૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | ૫–૦૦ |
| ,, दशलक्षण विधानपूजा | ३–०० |
| ,, विधान–पूजा संग्रह | ८–०० |
| ,, सिद्धचक्र विधान पूजा | १०–०० |
| ,, નંદીશ્વરભજન–પૂજન સંગ્રહ | ૩–૦૦ |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૨–૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | ૧–૦૦ |
| ,, ગુરુસ્તુતિ આદિ સંગ્રહ | ૩–૦૦ |
| ,, અષ્ટ પ્રાભૃત (હરિગીત) | ૧–૦૦ |
| ,, શાસ્ત્રસ્વાધ્યાય | ૫–૦૦ |
| ,, નિયમસાર (ગુટકો) | ૦–૫૦ |
| ,, समाधितन्त्र (गुटको) | ०–५५ |
| ,, अमृतकुम्भ | ४–०० |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | ५–०० |
| અન્ય | |
| શ્રી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૨૫–૦૦ |
| ,, આત્મધર્મ જન્મશતાબ્દિ વિશેષાંક | ૧૦–૦૦ |
| ,, आत्मधर्म जन्म शताब्दि विशेषांक | १०–०० |
| ,, પૂજ્ય બેનશ્રીની સાધના અને વાણી | ૧૫–૦૦ |
| ,, દ્વાદશ–અનુપ્રેક્ષા | ૨–૦૦ |
| ,, तत्त्वानुशीलन | २–०० |
| પૂજ્ય સોગાનીજીનાં આધ્યાત્મિક પત્રો | ૨–૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી જ્ઞાનામૃત | ૨-૦૦ |
| ,, ज्ञानामृत | २-०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩-૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨-૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १-०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩-૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३-०० |
| ,, ભગવાન આત્મા | ૩-૦૦ |
| ,, विधि-विज्ञान | ३-०० |
| ,, પ્રતિક્રમણ | ૨-૦૦ |
| ,, जैनतत्त्वमीमांसा | ६-०० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-२ | १-५० |
| ,, ,, ,, ,, भाग-३ | १-५० |
| ,, શોર્ટ રીડર ( અંગ્રેજી ) | ૦-૭૫ |
| ,, જૈન બાળપોથી ભાગ-૧ | ૧-૫૦ |
| ,, જૈન બાળપોથી ભાગ-૨ | ૨-૦૦ |
| ,, जैन बालपोथी भाग-१ | १-५० |
| ,, जैन बालपोथी भाग-२ | २-०० |
| ,, જૈન પ્રાયમર ( અંગ્રેજી ) | ૭-૦૦ |
| ,, મહારાણી ચેલણા | ૧-૦૦ |
| ,, ભગવાન પારસનાથ | ૧-૨૫ |
| ,, જંબૂસ્વામી ચરિત્ર | ૨-૦૦ |
| અધ્યાત્મ યુગપુરુષ શ્રી કાનજીસ્વામી | ૨-૦૦ |
| अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | २-०० |
| શ્રી પ્રવચનપીયૂષ | ૮-૦૦ |
| ,, અધ્યાત્મદૃષ્ટા | ૫-૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦-૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०-५० |
| ,, આરાધના | ૦-૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પરિચય પુસ્તિકા | ૧-૦૦ |
| ,, परिचय पुस्तिका | १-०० |
| ,, પરિચય પુસ્તિકા અંગ્રેજી | ૧-૦૦ |
| ,, 'પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું જીવન અને સંદેશ' (અંગ્રેજી) | ૨-૨૫ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩-૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩-૦૦ |
| ,, જિન શાસન સત્વ | ૮-૦૦ |
| ,, जिनशासनसत्त्वं | ८-०० |
| ,, प्रयोजन सिद्धि | २-०० |

## માઉન્ટવાળા ફોટા

| | |
|---|---|
| ૧૪×૧૬ મોટી સાઈઝ કલર | ૨૧-૦૦ |
| ,, ,, ,, બ્લેક | ૧૨-૦૦ |
| ૧૦"×૧૨" મીડીયમ બ્લેક | ૭-૦૦ |
| ( પોસ્ટકાર્ડ સાઈઝ ) કલર ફોટા | ૬-૦૦ |
| ( પાસપોર્ટ સાઈઝ ) ફોટા | ૧-૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦-૦૦ |
| નિત્યદર્શન | ૪-૦૦ |
| તીર્થધામ સોનગઢ ( કેલેન્ડર ) | ૭-૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫-૦૦ |
| સ્ટીકર | ૧-૦૦ |
| ટાઈલ્સ (ગુરુદેવશ્રીના ચરણ ચિહ્ન) | ૧૦-૦૦ |
| ,, (ગુરુદેવશ્રીના ફોટા) | ૭-૦૦ |

પુસ્તકોમાં ૧૦% કમીશન શ્રી કળાવંતીબેન હસમુખલાલ વોરા તેમ જ ૧૦% ખાદીવાળા પરિવાર ભાવનગર તરફથી એમ કુલ ૨૦% કમીશન આપવામાં આવે છે. —*—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતીથી પૂજ્ય બહેનશ્રીની સમાધિતિથિ સુધી રાજકોટનિવાસી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા તરફથી પ્રવચનોની કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

## 卐 પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૯મી જન્મજયંતી 卐

ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની ૭૯મી મંગલ જન્મજયંતી (શ્રાવણ વદ–૨) વઢવાણનિવાસી રંભાબેન પોપટલાલ વોરા, મુંબઈ (હસ્તે–આપણા ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ-મહોદય શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા) દ્વારા, તા. ૧૧–૮–૯૨, મંગળવારથી તા. ૧૫–૮–૯૨, શનિવાર —પાંચ દિવસ સુધી શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાન-પૂજા, અધ્યાત્મજ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિમય કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. વિસ્તૃત વિવરણ આગામી અંકમાં આપવામાં આવશે.

* આ અંકથી આપનું આત્મધર્મ-વાર્ષિક લવાજમ પૂરું થાય છે. આગામી જુલાઈ–૯૨ થી જૂન–૯૩ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તુરત મોકલી આપવું. વાર્ષિક લવાજમને બદલે રૂા. ૧૦૧=૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.

—*—

## વૈરાગ્ય સમાચાર :—

* વિંછીયાનિવાસી (હાલ–મલાડ) શ્રી ચંદુલાલ હીંમતલાલ ડગલી (વર્ષ–૬૧) તા. ૧૫–૪–૯૨ના રોજ હાર્ટફેઇલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાનિવાસી શ્રી હરિઇચ્છાબેન પાનાચંદભાઈ કામદાર તા. ૧૯–૪–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી શશીકાંતભાઈ જયંતીભાઈ માવાણી (વર્ષ–૫૨) તા. ૪–૫–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી કાંતિલાલ હરીલાલ શાહના માતુશ્રી ચંપાબેન (વર્ષ–૮૮) તા. ૬–૫–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

[ સુવર્ણપુરી સમાચાર [illegible] ૨ થી ચાલુ ]

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુનિત પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલ-ભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને બહેનશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ : જિનેન્દ્રદર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર ( ૧૬મી વખતનું ) આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર ઉપર શિક્ષણ વર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : પંચાસ્તિકાયસંગ્રહ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-પ્રવચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી ઇષ્ટોપદેશ પર ભાવવાહી ટેપ-પ્રવચન

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ :—આગામી અષાઢ સુદ ૮, મંગળવાર, તા. ૭-૭-૯૨ થી અષાઢ સુદ-૧૫ મંગળવાર, તા. ૧૪-૭-૯૨ —આઠ દિવસ સુધી શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલયમાં પંચમેરુ-નંદીશ્વરપૂજનવિધાન તેમ જ અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

* દશલક્ષણ-પર્યુષણપર્વ માટે સોનગઢથી શાસ્ત્રપ્રવચનકાર બોલાવવાની જેમની ભાવના હોય તેમણે પોતાના મંડલના પ્રમુખ કે મંત્રી દ્વારા લેખિત નિવેદનપત્ર 'પ્રચાર વિભાગ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦' મોકલી આપવું.

* પ્રૌઢધાર્મિક શિક્ષણવર્ગ :—અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૯મી જન્મજયંતીના અવસરે તા. ૨૭-૭-૯૨ સોમવારથી તા. ૧૫-૮-૯૨ શનિવાર —વીસ દિવસ સુધી પુરુષો માટેનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ ચાલશે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

બાપુ ! ફર્નિચર ને સગવડતાના સાધનમાં કયાં સલવાણો ?

ભાઈ ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. જેમ ગોળનો રવો-ભેલી મીઠાશથી ભરચક છે તેમ ભગવાન અમૃતનો રવો-ભેલી છે ત્યાં એકવાર મતિને લગાવ. મોટા ઘર ને ફર્નિચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે, માટે ત્યાંથી મતિ હટાવી લે. —અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-

A ૨૨૩૨ શ્રી મહેન્દ્રકુમાર કાશીભાઈ પટેલ
બી/૧૨, સાંખ્યિા સોસાયટી-૧,
મહાકીરીયા હરણી રોડ,
વડોદરા-૩૯૦૦૦૬